# સાબરકાંઠામાં કોરોનાનો પ્રથમ કેસ

## ઇકોના ડ્રાઈવરને હિંમતનગર સિવિલમાં દાખલ કરાયો : હિંમતનગર સિવિલમાં સ્ટાફ બ્રધર્સ તરીકે નોકરી કરે છે : મધરાતે રીપોર્ટ પોઝેટીવ આવતા તંત્રમાં ખળભળાટ

અત્યાર સુધી કોરોના કહેરનો સાબરકાંઠા પર પડછાયો પડ્યો ન હતો. લઈને પ્રજા-વહિવટીતંત્ર બેફીકર હતુ. પરંતુ હિંમતનગર સિવિલમાં સ્ટાફ બ્રધર્સ તરીકે ફરજ બજાવતા એક ૩૩ વર્ષના કર્મચારી અન્યના સંપર્કમાં આવતા તેની તબિયત લથડી હતી જેને લઈને તેને સારવાર માટે ખસેડાયો હતો જ્યા તેના નમુના લઈને તપાસ માટે લેબોરેટરીમાં મોકલાયા બાદ સોમવારે રાત્રે તેનો રીપોર્ટ પોઝેટીવ આવતાની સાથે સમગ્ર વહિવટીતંત્ર અને હિંમતનગર સિવિલ સંકુલમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. જોકે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયા બાદ મંગળવારે હિંમતનગર નગરપાલિકા દ્વારા સિવિલના તમામ બિલ્ડીંગોને ફોગીંગ મશીનથી સેનેટાઈઝ કરાયા છે. કોરોના પોઝેટીવ દર્દીના સંપર્કમાં આવેલા ૩૦ જણાને હિંમતનગર નજીકની સરકારી હોસ્ટેલમાં કોરોનટાઈન કરી દેવાયો છે.

હિંમતનગર સિવિલમાં સ્ટાફ બ્રધર્સ તરીકે ફરજ બજાવતા મુળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના ઉથનોલ ગામના નરેન્દ્રસિંહ રોશનલાલ તોમર (ઉં.વ.૩૩) છેલ્લા કેટલાક સમયથી હિંમતનગરની સિવિલમાં છેલ્લા ચાર વર્ષથી નોકરી કરે છે અને પોતાની પાસે માલિકીની ઈકો કાર પણ રાખે છે. આ ઉપરાંત નરેન્દ્રસિંહ તોમર હિંમતનગર સિવિલના બી બ્લોકમાં રહેતો હતો. દશેક દિવસ અગાઉ તે આઈસોલેશન વોર્ડમાં ફરજ બજાવતો હોવાને કારણે ગમે તે કારણસર તેને તાવ, શરદી અને ઉધરસ થતા તબીબોએ તેનુ મેડીકલ ચેકઅપ કર્યુ હતુ.

દરમિયાન કેટલાક ઉપચાર કરવા છતા તેની તબિયતમાં સુધારો ન જણાતા થોડા દિવસ અગાઉ તેના લોહીના નમુના તથા અન્ય નમુના તપાસ માટે મોકલી અપાયા હતા અને તેનો રીપોર્ટ સોમવારે મોડી રાત્રે હિંમતનગર સિવિલના સત્તાવાળાઓને મળતાની સાથે જ તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તરત જ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હોવાની સત્તાવાર માહિતી આપતાની સાથે જ સમગ્ર વહિવટીતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. તો બીજી તરફ મંગળવારે સવારે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયાની આમ પ્રજાને ખબર પડતા લોકો ભયભીત બની ગયા છે. સાવચેતીના પગલારૂપે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે પ્રજાએ લોકડાઉનના કડક અમલમાં તન, મન અને ધનથી સહયોગ આપીને પોતાની સલામતી માટે ઘરે રહેવાનું ઉચિત માન્યુ છે જેને લઈને ખાસ કરીને પોલીસતંત્રને થોડીક રાહત થઈ છે.

હિંમતનગર સિવિલમાં કોરોના દર્દીને આઈસોલેશન વોર્ડમાં સારવાર માટે રખાયા બાદ તેના સંપર્કમાં આવેલા અન્ય ૩૦ જણાને પણ હિંમતનગર નજીકના એક સરકારી છાત્રાલયમાં કોરોન્ટાઈન હેઠળ રાખી દેવામાં આવ્યા છે જ્યાં તબિબોની ટીમ પણ તહેનાત કરી દેવામાં આવી છે. સાથોસાથ અગમચેતીના ભાગરૂપે હિંમતનગર નગરપાલિકાના માર્ગદર્શન હેઠળ ફાયરબ્રિગેડના જવાનોએ મંગળવારે હિંમતનગર સિવિલના બી બ્લોક તથા અન્ય વોર્ડને ફોગીંગ મશીનથી સેનેટાઈઝ કરી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા લોકોને એવી અપીલ કરાઈ છે કે જ્યા સુધી તંત્ર લોકડાઉન અંગે નવો કોઈ આદેશ ન કરે ત્યાં સુધી પ્રજાએ પોતાની સલામતી માટે ઘરે રહેવું જોઈએ.

### ૩૦ જણાને ક્યા કોરોનટાઈન કરાયા

હિંમતનગર સિવિલના સ્ટાફ બ્રધર્સ કોરોનાનો ભોગ બન્યા બાદ તેના સંપર્કમાં આવેલા અન્ય સ્ટાફ નર્સ, જુનીયર તબિબો તથા બી બ્લોકમાં રહેતા લોકો મળી ૩૦ જણાને હિંમતનગર પાસેના પાણપુર નજીક આવેલ સમરસ હોસ્ટેલમાં તબિબોની ટીમની નિગરાની હેઠળ કોરોનટાઈન કરી દેવામાં આવ્યા છે.

### સિવિલનો સ્ટાફ બ્રધર્સ કેવી રીતે ભોગ બન્યો

હિંમતનગર સિવિલમાં ચાર વર્ષથી સ્ટાફ બ્રધર્સ તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ તોમર પોતાની માલિકીની ઈકો ગાડી ધરાવતો હતો અને ભાડાની લાલચમાં તે રાજસ્થાનના જે દર્દીઓ હિંમતનગર સિવિલમાં સારવાર લેવા આવતા હતા તેમને પાછા મુકવા માટે પોતાની ઈકો ગાડી લઈને અવારનવાર જતો હતો જેના લીધે કોરોનાનો ચેપ લાગ્યો હોવાની શક્યતા નકારી શકાતી નથી. ઉપરાંત લોકડાઉન પૂર્વે તે પોતાની ઈકો કાર પર એમ્બ્યુલન્સનું સ્ટીકર પણ લગાવીને ફરતો હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જણાવાયું છે.

### દર્દીના પરીવારને કોરોન્ટાઈન કરાયુ

હિંમતનગર સિવિલના સ્ટાફ બ્રધર્સને કોરોના પોઝેટીવના લક્ષણો જણાયા બાદ સિવિલ સત્તાવાળાઓએ તેની પત્નિ તથા બે બાળકોને અગમચેતીના પગલારૂપે કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા હોવાનું સિવિલના આરએમઓ એન.એમ. શાહે જણાવ્યુ હતુ.

## પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય દ્વારા વીજબીલ માફ કરવા મુખ્યમંત્રીને પત્ર લખીને કરી રજુઆત

### લોકોને બે ટંકન ખાવાનું નથી તો વિજ બીલ ક્યાથી ભરશે

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખી



વિજકંપની દ્વારા આપવામાં આવેલ એવરેજ વિજ બીલ માફ કરવા માટે રજુઆત કરી.

હલ કોરોના વાઈરસને લઈને દેશ સહિત વિદેશોમાં ભારે મહામારી ફેલાઈ છે. જેને લઈને દેશના વડાપ્રધાન દ્વારા સંક્રમણ રહે અને સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન થાય તે માટ દેશ ભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. બીજી બાજુ લોકડાઉનને લઈને રોજેરોજનું કમાઈને ખાતા લોકોની હાલત કફોડી બની છે. ત્યારે લોકોને બે ટંકનુ ખાવાનું નથી અને ધંધા રોજગાર ના હોવાથી ગરીબ અને મધ્ય વર્ગના લોકો પણ હાલ મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે આવા કપરા સમયમાં વિજ કંપની દ્વારા લોકોના મોબાઈલ ઉપર મેસેજ કરી એવરેજ બીલ મોકલ્યું છે અને તે પણ આ મહિનાની ૧૫-૪-૨૦૨૦ બીલ ભરવાની છેલ્લી તારીખ આપી છે. ત્યારે હાલ ગરીબ પરિવાર તથા મધ્ય વર્ગના પરિવારોના ઘરમાં ખાવાના ફાંફા છે ત્યારે આવેલ વીજ બીલ કઇ રીતે ભરશે તે પણ એક મોટો સવાલ છે. ત્યારે પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખી વીજ બીલ માફ કરવા રજૂઆત કરી છે.



## કમાલપુર ખાતે મુસ્લિમ યુવાનો દ્વારા દુધનું વિતરણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે મુસ્લિમ યુવાનો ગ્રુપ દ્વારા જરૂરીયાત વિસ્તારોમાં જરૂરીયાત લોકોને દૂધનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાલ દેશ સહિત વિદેશોમાં કોરોનાની મહામારી ફેલાઈ છે ત્યારે ભારત સરકાર દ્વારા કોરોના વાઈરસને લઈને હાલ ૨૧ દિવસ માટે દેશમાં લોકડાઉન જાહેર કર્યુ છે જેને લઈને રોજીંદુ કમાઈને પરિવાર ચલાવતા કે મધ્યમ વર્ગના લોકોની સ્થિતિ કફોડી થઈ છે. બીજી બાજુ સરકાર તથા વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગરીબ અને મધ્ય વર્ગના લોકોને વાહરે આવી રહ્યા છે. પ્રાંતિજ ખાતે રહેતા મુસ્લીમ સમાજના યુવાન ગ્રુપ દ્વારા પણ આવા કપરા સમયમાં દેશની સાથે લોકોની સાથે રહીને ઉત્તમ સેવા પુરી પાડી રહ્યા છે. આ મુસ્લીમ યુવા ગ્રુપ દ્વારા નવાપુરા દુધ મંડળીના ચેરમેન પટેલ જયંતિભાઈ પટેલના સહયોગથી જરૂરીયાત વિવિધ વિસ્તારોમાં દૂધનું વિતરણ કરવામાં આવ્યું રહ્યું છે. પ્રાંતિજના કમાલપુર ખાતે પણ આ મુસ્લીમ યુવા ગ્રુપ દ્વારા દુધનું વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરીયાત વિસ્તારોમાં દૂધ મળી રહેતા લોકોના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી. આ મુસ્લીમ યુવાનો ગ્રુપ દ્વારા વિવિધ હિન્દુ મુસ્લીમ વિસ્તારોમાં જઈને જરૂરીયાત લોકોને દૂધ પુરૂ પાડવામા આવે છે, તો હિન્દુ મુસ્લીમ એકતાનું ઉદાહરણ જોવા મલ્યુ હતુ.



## ડીસા સિવિલની એમ્બ્યુલન્સ અને કાર વચ્ચે અકસ્માત

ડીસામાં સોમવારે સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં એમ્બ્યુલન્સચાલક અને દર્દીઓને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર સોમવારે ડીસા સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ (ન. જીજે૧૧જી૩૯૯૦) દર્દીઓને લઈ સવારે ૧૧ વાગ્યાના સુમારે પાલનપુર જવા રવાના થઈ હતી અને સિવિલથી બહાર નીકળી બગીચા પાસેથી પસાર થતી હતી તેવા સમયે પુર સ્પીડે આવી રહેલી બલેનો કારે (ન. જીજે૦૮બીએસ૨૦૭૭) ટક્કર મારતા એમ્બ્યુલન્સ પલટી ખાઈ ગઈ હતી જેના પગલે એમ્બ્યુલન્સના ચાલક નરેશભાઈ વિરાભાઈ સોલંકી તેમજ એમ્બ્યુલન્સમાં સવાર દર્દીના સગા સૂર્યાબેન પ્રધાનજી ઠાકોર અને દેવાજી સાધુજી ઠાકોરને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે સાવચેતીના ભાગરૂપે ફાયર ફાઈટર પણ આવી પહોંચ્યું હતું. આ અકસ્માત બાબતે એમ્બ્યુલસના ચાલક નરેશભાઈ વિરાભાઈ સોલંકીએ ડીસા ઉત્તર પોલીસ મથકે બલેનો કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## મોડાસા જીઆઈડીસીમાં આવેલ ખુશી ગેસ એજન્સીમા

# સોશિયલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા, ગ્રાહકોનું આરોગ્ય જોખમાયું

મોડાસા, તા.૭

ગુજરાતમાં સતત ચિંતાજનક રીતે કોરોના પોઝિટિવ કેસના આંકડાઓ કૂદકેને ભૂસકે વધી રહ્યાં છે. આજે સમગ્ર દેશમાં લોકડાઉનનો ૧૩ માં દિવસ છે આ સાથે જ હવે ગુજરાતમાં કોરોના પોઝિટીવ દર્દીઓનો આંકડો ૧૪૪ પર પહોંચી ગયો છે. લોકડાઉનની અમલવારી અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા સરકારની વારંવાર અપીલ છતાં રાજ્યમાં અનેક જગ્યાએ લોક જાગૃતિના અભાવે અને ધંધાર્થીઓની યોગ્ય વ્યવસ્થાના અભાવે સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડી રહ્યા છે. મોડાસાની જીઆઈડીસીમાં આવેલ એચ.પી. ગેસ એજન્સીના વિતરક ખુશી ગેસ એજન્સીમાં સોશ્યલ ડેસ્ટિનેશનનો અભાવ જોવા મળ્યો હતો. પુરવઠાતંત્રએ ગેસ વિતરણ વ્યવસ્થા કરતી એજન્સીને ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તાકીદ કરવામાં આવે તે ખુબ જરૂરી છે.

કોરોના વાયરસના કહેર વચ્ચે લોકડાઉનની અમલવારી માટે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્ર સતત ખડેપગે કામગીરી કરી રહી છે, ત્યારે સોશ્યલ ડિસ્ટન્સ રાખવા અપીલ કરાઈ રહી છે પરંતુ લોકડાઉનની સ્થિતિમાં સોશ્યલ



ડીસ્ટન્સની લોકોમાં જાગૃતિ જોવા મળતી નથી, બીજીબાજુ ધંધાર્થીઓ પણ લોકડાઉનની સ્થિતિમાં નફો એટલો વકરો કરવામાં મશગુલ બની તેમની અને ગ્રાહકોના આરોગ્ય જોખમ મૂકી રહ્યા છે. મોડાસા જીઆઈડીસીમાં આવેલ એચ.પી. ગેસ વિતરણની એજન્સી ધરાવતા ખુશી એજન્સીમાં લોકડાઉનના ભય વચ્ચે ગેસ સિલિન્ડર મેળવવા મોટી સંખ્યામાં ગ્રાહકો ઉમટતા એજન્સી બહાર અને કાઉન્ટર પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ગેસ વિતરણ કરતી એજન્સીએ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નિષ્ફળ રહી હોય તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે. એજન્સી ધારકે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને કલમ-૧૪૪ના જાહેરનામાનો ભંગ ન થાય તેની સંપૂર્ણ તાકીદ કરવામાં આવેની માંગ જાગૃત નાગિરિકોમાં ઉઠી છે.

અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને પુરવઠાતંત્રના અધિકારીઓએ એચ.પી. ગેસ એજન્સી ધારક ખુશી ગેસ એજન્સીને નોટિસ ફટકારી સોશ્યલ ડીસ્ટન્સની અમલવારી કરવા નોટિસ ફટકારી જાહેરનામા ભંગ કરનાર એજન્સી સામે પગલાં ભરવા લોકોમાં માંગ પ્રબળ બની છે.




મોડાસા આર્ટસ કોમર્સ કોલેજ પાસે આવેલ એસબીઆઈનું એટીએમ સતત બંધ રહેતા ત્યાં આસપાસની સોસાયટીના લોકોને રૂપિયા ઉપાડવા માટે જુના બસ સ્ટેશને જવું પડે છે. આવા લોકડાઉનના સમયે કોઈપણ વ્યક્તિને ઈમરજન્સીમાં રૂપિયા એટીએમમાંથી ઉપાડવાની જરૂર પડે તો તકલીફમાં મુકાય જાય છે.

## ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા દરજી સમાજે વિનામૂલ્યે બનાવી આપેલા માસ્કનું વિતરણ

ધનસુરા, તા. ૭

ધનસુરા ગામમાં દરજી સમાજ દ્વારા વિના મૂલ્યે માસ્ક બનાવી ધનસુરા ગ્રામ પંચાયતને



આપવામાં આવ્યા હતા. કોરોના સામેની લડાઈમાં સૌ કોઈ પોતાનું યોગદાન આપી રહ્યાં છે ત્યારે ધનસુરા દરજી સમાજે માસ્ક બનાવી આપ્યા હતા. આ માસ્કને ધનસુરા ગ્રામ પંચાયતના સ્ટાફ દ્વારા ગામમાં શાકભાજી વેચતા, લારીવાળા, વેપારી તેમજ મજુર કામ કરતા લોકોને વહેંચવામાં આવ્યા હતા. ધનસુરા ના સરપંચ યશવંતભાઈ પટેલ, તલાટી કમ મંત્રી મહેશભાઈ પ્રજાપતિ, પ્રદીપભાઈ ભાવસાર, અર્પણભાઈ પટેલ, ધ્વારા ગામમાં માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. સૌએ આ કાર્યને બિરદાવ્યું હતું.



## મોડાસામાં જય કુબેર ભંડારી ટ્રસ્ટ દ્વારા ૫૦ શ્રમિક પરિવારોને દરરોજ દૂધ અને છાસનું વિતરણ

સમગ્ર વિશ્વમાં હાલ કોરોના વાયરસ નામની ગંભીર બીમારીમાથી પસાર થઈ રહ્યો છે. ભારત દેશ મા સરકાર દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે શહેરમાં મજૂરીકામ કરતા અને જરૂરિયાતમંદ પરિવારને મદદ કરવા હેતું સૂચિત જય કુબેર ભંડારી ટ્રસ્ટ મોડાસા પરિવાર દ્વારા છેલ્લા ૧૦ દિવસથી મોડાસા શહેરમા મજૂરીકામ કરતા અને જરૂરિયાત મંદ ૫૦ જેટલા પરિવારોને ૧ લિટર દૂધ અને ૫૦૦ મિલી છાશ પરિવાર દીઠ પૂરી પાડવામાં આવે છે. મોડાસાની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને રાશનનીની કીટ અને શાકભાજી પૂરી પાડી રહી છે ત્યારે સૂચિત જય કુબેર ટ્રસ્ટ મોડાસા દ્વારા કુબેર ભંડારી ટ્રસ્ટ કરનાળીના પરમ પૂજ્ય રજનીદાદા પંડ્યાના માર્ગદર્શનથી દુધ અને છાશ પૂરી પાડી ઉમદા ઉદાહરણ પૂરું પાડયું છે. જય કુબેર ભંડારી ટ્રસ્ટ મોડાસાના સૌરભ ત્રિવેદી, અતુલ જોષી, નિતેષ ગોર, કમલેશ સગર સહિતના જય કુબેર પરિવાર સદસ્યો સેવાકીય કાર્યમાં જોતરાયા છે.

## મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓની આરોગ્ય તપાસ

કોરોના વાયરસને લઈને અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. હેઠળ



આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય ચકાસણીના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જે અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા મોડાસા શહેરમાં લોકડાઉનની અમલવારી માટે સતત ખડેપગે રહેતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના કર્મચારીઓના આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. પોલીસ કર્મીઓની અન્ય બીમારીઓ અંગે પણ માહિતી મેળવી હતી.

હાલ અરવલ્લી જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી ત્યારે તકેદારીના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૦ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા હતા જે તમામ નેગેટીવ આવતા આરોગ્ય વિભાગ હાલ રાહતનો શ્વાસ લઈ રહ્યું છે જેને લઈને આરોગ્ય વિભાગ તકેદારીના ભાગરૂપે સરકારી કચેરીઓના અધિકારીઓ અને આરોગ્યલક્ષી ચકાસણી કરવાના કાર્યક્રમો આયોજિત કરે છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આરોગ્ય વિભાગ દ્વારા પોલીસ કર્મીઓનું આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી જેમાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના તમામ પોલીસ કર્મચારીઓની થર્મલ સ્કેનિંગ મશીન દ્વારા ટેમ્પરેચર માપવામાં આવ્યું હતું. આ સાથે જ તેઓને થતી તકલીફ વિશે વિશે પણ આરોગ્ય વિભાગે જાણકારી મેળવીને યોગ્ય સારવાર માટે સલાહ તેમ જ દવાઓ આપી હતી.



## બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની અનુકરણીય કામગીરી

વર્તમાન સમયની લોકડાઉનની સ્થિતિમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા મોડાસાએ મોડાસા નગરપાલિકા સંચાલિત આશ્રય ઘર અને સ્પોર્ટ્સ સંકુલમાં આશ્રય લઈ રહેલા ૧૩૦ આશ્રિતોને ૫ એપ્રિલની સવારથી નાસ્તો, બપોરનું ભોજન અને રાત્રીનું ભોજન કરાવવાની સરાહનીય અને માનવતાભરી કામગીરી શરૂ કરી દીધી છે. સંસ્થાના અગ્રણી સંતો મંગળ પુરુષ સ્વામી અને નિર્મલચરણ સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તો અને ૨૦ થી વધુ કાર્યકરોએ સેવાકીય કામગીરી શરૂ કરી દીધી છે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા આ આશ્રિતોની બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આ માનવતાભરી સેવા ચાલુ રહશે.